RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 297* Date: 25.08.2020 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### એલઓસી પર ચાલતા તણાવ વચ્ચે સીડીએસ જનરલ રાવતની ચીનને ખૂલ્લી ચેતવણી

# ચીન વાતચીતથી નહીં માને તો સૈન્ય વિકલ્પ પણ તૈયાર: CDS

### રક્ષા સેવાઓ હંમેશા સૈન્ય કાર્યો માટે તૈયાર રહે છે, અમે વિવાદને શાંતિપૂર્ણ રીતે સમાધાન કરવા માંગીએ છીએ

*ન્યુ દિલ્હી,તા.૨૪*

ભારત-ચીનની વચ્ચે ચાલી રહેલા વિવાદ પર ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત એ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે લદ્દાખમાં ચીની અતિક્રમણને ઉકેલવા માટે સૈન્ય વિકલ્પો પર પણ વિચાર કરી રહ્યું છે. એક મીડિયા ઈન્ટરવ્યુમાં જનરલ રાવતે કહ્યું કે જો વાતચીત ફેલ થાય છે તો સૈન્ય વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. તેમણે કહ્યું કે રક્ષામંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે જવાબદાર લોકો આ કોશિષની સાથે તમામ વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે કે પીએલએ લદ્દાખમાં પહેલાં જેવી સ્થિતિમાં આવી જાય.

જનરલ રાવતે કહ્યું કે સરકાર આ મામલે શાંતિપૂર્ણ રીતે સમાધાન માંગે છે. તેમણે ઈશારો કર્યો કે પૂર્વી લદ્દાખમાં સેનાઓની તૈયારી પૂરી છે. તેમણે કહ્યું કે એલએસી પર અતિક્રમણ જુદી જુદી દ્રષ્ટિએ થાય છે. રક્ષા સેવાઓનું કામ દેખરેખ રાખવાનું અને આવા અતિક્રમણને ઘુસણખોરીમાં ફરી જતા રોકવાનું છે. સરકાર ઈચ્છે છે કે શાંતિપૂર્ણ રીતે મુદ્દો ઉકેલવામાં આવે. જો એલએસી પર અગાઉની સ્થિતિ ફરીથી સ્થાપિત કરવાની કોશિષ સફળ થતી નથી તો સૈન્ય કાર્યવાહી માટે રક્ષા સર્વિસીસ હંમેશા તૈયાર રહે છે.

જનરલ રાવત ત્રણ વર્ષ પહેલાં આર્મી ચીફ હતા ત્યારે ચીને ડોકલામમાં ઘૂસણખોરી કરી હતી. તેમણે ગુપ્તચર એજન્સીઓની વચ્ચે સંકલનના અભાવને નકારી દીધો છે. જનરલ રાવતે કહ્યું કે ભારતની એટલી લાંબી સરહદ છે કે તેના પર સતત દેખરેખ રાખવાની જરૂર પડે છે. તેમણે કહ્યું કે મલ્ટી-એજન્સી સેન્ટરની દરરોજ મીટિંગ થઈ રહી છે. એકબીજાને લદ્દાખ અને અન્ય સ્થળોની માહિતી આપવામાં આવી રહી છે.

અનેક તબક્કાની વાટાઘાટો છતાં પૂર્વી લદ્દાખમાં તણાવ ઓછો થઈ રહ્યો નથી. ભારતીય સેનાનું સ્પષ્ટ વલણ છે કે ચીને એપ્રિલ પહેલાની સ્થિતિને ફરીથી સ્થાપિત કરવી જોઈએ. સૈન્ય સ્તરની વાટાઘાટો ઉપરાંત વિદેશ મંત્રાલય અને બંને દેશોના વર્કિંગ મિકેનિઝમ ફોર કંસલ્ટેશન એન્ડ કો-ઓર્ડિનેશને પણ ચર્ચા કરી છે. બંને પક્ષ કંપલીટ ડિસએંગેજમેન્ટની દિશામાં આગળ વધવા પર વારંવાર સહમત થયા છે પરંતુ જમીન પર અસર થઈ નથી.

આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણે પણ કહી ચૂકયા છે કે સેના હાઈ એલર્ટ પર છે. ફોરવર્ડ પોસ્ટ્સ માટે સંખ્યાબંધ શસ્ત્રો, દારૂગોળો અને વિન્ટર ગિયર ખરીદી રહ્યું છે. એલએસીની સાથો સાથ ઊંચાઈવાળા કેટલાંક વિસ્તારોમાં શિયાળાના



મહિનાઓમાં તાપમાન માઈનસ ૨૫ સેલ્સિયસ સુધીનું થઈ જાય છે. ૧૫ જૂનના રોજ ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ બંને પક્ષોની વચ્ચે તણાવ કેટલાંય ગણો વધી ગયો હતો.

### મોદી સરકારની કરદાતાઓને ભેટ, સરકારે છૂટનો દાયરો કર્યો ડબલ

# ૪૦ લાખ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા ઉદ્યોગોને જીએસટીમાંથી મુક્તિ

### હવે જીએસટી હેઠળ ૧.૨૪ કરોડ કરદાતાઓ, ૨૮% સ્લેબમાં ૨૩૦ ચીજો હતી હવે તેમાંથી ૨૦૦ની બાદબાકી

*ન્યુ દિલ્હી,તા.૨૪*

કોરોના કાળમાં કરદાતાઓને છૂટ આપવા માટે મોદી સરકારે અનેક મોટા નિર્ણયો લીધા છે. સોમવારે નાણા મંત્રાલયે તેને સંબંધિત મોટા એલાન કર્યા છે. જે અંતર્ગત હવે ૪૦ લાખ રૂપિયા સુધીના વાર્ષિક કારોબાર કરતાં વેપારીઓને જીએસટીમાં છૂટ મળશે. તેની પહેલા આ સીમા ૨૦ લાખ રૂપિયા હતી. લોકડાઉનથી પ્રભાવિત કારોબારીઓ માટે કેન્દ્ર સરકાર તરફથી આ એક મોટી ભેટ છે. દેશના વેપારીઓ માટે સૌથી મોટા રાહતના સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકારે ૪૦ લાખ રૂપિયાનો વેપાર કરતા વેપારીઓ માટે જીએસટીમાં છૂટ જાહેર કરી છે.

શ્રેણીબદ્ધ ટ્વીટ્સમાં, નાણાં મંત્રાલયે જાહેરાત કરી છે કે જીએસટી લાગુ થયા પછી, અનેક ચીજો પરનો ટેક્સ દર ઘટાડવામાં આવ્યો છે.''૨૮ ટકાનો જીએસટી દર માત્ર લક્ઝરી વસ્તુઓ પર મર્યાદિત છે''. ૨૮ ટકાના સ્લેબમાં કુલ ૨૩૦ વસ્તુઓમાંથી ૨૦૦ જેટલી વસ્તુઓ નીચલા સ્લેબમાં સ્થાનાંતરિત કરવામાં આવી છે.

“જીએસટીના રોલઆઉટ પછી કરદાતાનો આધાર લગભગ બમણો થઈ ગયો છે. જીએસટીની સ્થાપના સમયે આકારણી કરનારાઓની સંખ્યા લગભગ ૬૫ લાખ હતી. હવે આકારણીનો આધાર ૧.૨૪ કરોડથી વધુ છે. જીએસટીમાં બધી પ્રક્રિયાઓ સંપૂર્ણ સ્વચાલિત થઈ છે,'' નાણાં મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે, ઓનલાઈન ૫૦ કરોડ રિટર્ન ભરવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં ૧ ૩૧ કરોડનું ઈ-વે બિલ જનરેટ થયું છે.

નાણાં મંત્રાલયે એ પણ નોંધ્યું છે કે કેન્દ્ર દ્વારા બાંધકામ ક્ષેત્રે ખાસ કરીને આવાસ ક્ષેત્રને નોંધપાત્ર રાહત આપવામાં આવી છે, જે હવે જીએસટી દરમાં ૫ ટકા રાખવામાં આવી છે. એમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પરવડે તેવા મકાનો પરનો જીએસટી ઘટાડીને ૧ ટકા કરાયો છે.

જેટલીએ ૨૦૧૪ થી મોદી સરકારના પ્રથમ કાર્યકાળમાં ફાઈનાન્સ પોર્ટફોલિયો રાખ્યો હતો.મંત્રાલયે ટ્વિટ કર્યું હતું કે, આજે આપણે અરુણ જેટલીને યાદ કરીએ છીએ, ચાલો આપણે જીએસટીના અમલીકરણમાં તેણે ભજવેલી મહત્ત્વની ભૂમિકાને સ્વીકારીએ, જે ઈતિહાસમાં ભારતીય કરવેરાના સૌથી મૂળભૂત સુધારામાંના એક તરીકે આવશે.

### બેંક્રો મૂડી વધારવાના હેતુથી શેરનું વેચાણ કરશે

# દેશની પાંચ મોટી બેન્કો પોતાના શેર સંસ્થાકીય રોકાણકારોને વેચશે

ન્યુ દિલ્હી,તા.૨૪

સ્ટેટ બૅંક્ર ઑફ ઈન્ડિયા (એસબીઆઈ), પંજાબ નૅશનલ બૅંક્ર (પીએનબી) અને બૅંક્ર ઑફ બરોડા (બીઓબી) સહિતની દેશની પાંચ મોટી બૅંક્ર વર્તમાન નાણાકીય વર્ષના બીજા છ માસિક ગાળા દરમિયાન પોતાના શૅર સંસ્થાકીય રોકાણકારોને વેચશે. અર્થતંત્રને વિપરીત અસર કરી રહેલી કોરોના વાઈરસની મહામારી વચ્ચે આ બૅંક્રો પોતાની મૂડી વધારવાના હેતુથી શૅરનું આ વેચાણ કરશે. આ બૅંક્રોમાં યુનિયન બૅંક્ર ઑફ ઈન્ડિયા (યુબીઆઇ)નો પણ સમાવેશ હોવાનું મનાય છે.

ક્વૉલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ (ક્યૂઆઈપી) સૌથી મોટી પસંદગીનું માધ્યમ ગણાય છે અને જાહેર ક્ષેત્રની આ બૅંક્રો વર્ષના પોતાના બીજા ત્રૈમાસિક ગાળાના પરિણામો નક્કી કર્યા પછી ક્યૂઆઈપીનો માર્ગ અપનાવવા વિશેનો અંતિમ નિર્ણય લેશે, એવું મર્ચન્ટ બૅંક્રિંગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

સૂત્રોએ એવું પણ કહ્યું હતું કે બૅંક્રોને ઑક્ટોબર મહિનાના અંત સુધીમાં પોતાની નૉન-પરફૉર્મિંગ ઍસેટ્સ (એનપીએ), વન-ટાઈમ લોન સંબંધિત પુનર્રચના અને એને પગલે જાહેર થનારા રેટિંગ બાબતમાં વધુ સારું ચિત્ર મળી જશે. પોતાના શૅર વેચનારી આ બૅંક્રો પોતાની મૂડી વધારવા એવી યોજના ઘડવા માગે છે જેમાં પ્રવાહિતા સંબંધમાં કોઈ ઘટાડો ન નોંધાય તેમ જ વિવિધ ક્યૂઆઈપીમાં ભાગ લેવા ઘરઆંગણાના તથા જાગતિક રોકાણકારોને પૂરતો સમય મળી રહે.

અહીં એ યાદ અપાવવાની કે આઈસીઆઈસીઆઈ, એક્સિસ બૅંક્ર અને કોટક મહિન્દ્ર સહિતની પ્રાઈવેટ ક્ષેત્રની કેટલીક બૅંક્રોએ છેલ્લા ત્રણ મહિનામાં ક્યૂઆઈપી મારફત મૂડી એકઠી કરી છે. જાહેર ક્ષેત્રોની બેંકને આગામી બે વર્ષમાં રૂ. ૨.૧ લાખ કરોડની બાહ્ય મૂડીની જરૂર પડશે અને આ ખામી પૂરી કરવા માટે તેમને સરકારના સહાયની જરૂર પડશે, એમ મૂડી ઈન્વેસ્ટર્સ સર્વિસે જણાવ્યું હતું.

### છેલ્લા ૨૪ કલાકમાં ૬૧૪૦૮ પોઝિટિવ કેસ અને ૮૩૬ લોકોના મોત નિપજ્યા

# દેશમાં કોરોનાના કુલ કેસ ૩૧ લાખને પાર: મૃત્યુઆંક ૫૭ હજારથી વધુ



ન્યુ દિલ્હી,તા.૨૪

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૧ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૧૪૦૮ કેસ નોંધાતા કુલ કેસ ૩૧૦૬૩૪૮ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૫.૨૬ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૭૪૬૯ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૩૩૮૦૩૫ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૮૩૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૭૫૪૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૧૦૭૭૧ એક્ટિવ કેસ છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૩૪૨૦૦૦૬ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૦૮૬૬૬ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૫૧૩૪૭૦૦ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૪૭૬૬૪૦ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૦૬૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૭૮૪૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૨૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૦૩૫૦**

### આવનારા ૨ વર્ષોમાં ભારત અમેરિકા, બ્રિટન જેવા વિકસિત દેશોની કતારમાં આવી જશે

# ૨ વર્ષમાં અમેરિકા, બ્રિટન જેવું હશે દેશના રોડનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર : નીતિન ગડકરી



*ન્યુ દિલ્હી,તા.૨૪*

ઘણાં રણનીતિક સુરંગ અને પુલોથી લઈને ૨૨ ગ્રીન એક્સપ્રેસ વેના નિર્માણમાં લાગેલું ભારત આવનારા ૨ વર્ષોમાં આ ક્ષેત્રમાં અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશોની કતારમાં આવી જશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એક કાર્યક્રમમાં આ વાત કહી છે. તેમણે કહ્યું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મામલામાં એકીકૃત રણનીતિ પર ભાર આપવામાં આવી રહ્યું છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી ગડકરીએ કહ્યું કે, દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઊંચાઈ પર લઈ જવા માટે પ્રધાનમંત્રી મોદીના દ્રષ્ટિકોણને અનુરૂપ એકીકૃત રીતે કામ કરવામાં આવી રહ્યું છે. નવા હાઈવેનું નિર્માણ કરતા સમયે જ ઓપ્ટિકલ ફાઈબર, ટ્રાન્સમિશન લાઈન અને ગેસ પાઈપલાઈનોને નાખવાની રણનીતિ છે. તેમણે કહ્યું કે, વીજળી મંત્રાલય ટ્રાંસમિશન લાઈન માટે યોજના બનાવશે અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય ઓપ્ટિકલ ફાઈબર માટે પોતાની મંજૂરી આપશે. તે જ રીતે, જે મોટા રસ્તાઓ બની રહ્યા છે ત્યાં ગેસ પાઈપલાઈનો નાખવામાં આવી શકે છે. પ્રસ્તાવિત ૨૨ ગ્રીન એક્સપ્રેસ વેની સાથે આ પ્રકારની તૈયારી છે. જેમાંથી એક લાખ કરોડ રૂપિયાના દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે સહિત સાત પર કામ શરૂ થઈ ગયું છે.

તેમણે કહ્યું કે, મને વિશ્વાસ છે કે આવનારા બે વર્ષોમાં તમે એક બદલાયેલું ભારત જોશો. અમે અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને જર્મનીમાં રસ્તાઓ, ટનલ અને પુલોના ક્ષેત્રોમાં જે કામ જોઈએ છે, તે જ પ્રકારનું કામ આપણા દેશમાં જોશો. ગડકરીએ કહ્યું કે, દેશના જુદા જુદા ક્ષેત્રોમાં ઘણી ટનલો અને બ્રીજોનું નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત ૩.૧૦ લાખ કરોડ રૂપિયાના ખર્ચથી ૨૨ ગ્રીન એક્સપ્રેસ વેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

તેમાંથી ૭૫૦૦ કિલોમીટરના એક્સપ્રેસ વે એક-બે વર્ષમાં પૂરા કરવાની યોજના છે. તેમણે જણાવ્યું કે, મધ્ય પ્રદેશમાં ૮૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચથી ચંબલ એક્સપ્રેસ વેનું નિર્માણ માટેની વાતચીત અંતિમ સ્ટેજ પર પહોંચી રહી છે. આ પોતાની રીતની એક પહેલી પરિયોજના છે. જેમાં રાજ્ય સરકારની સાથે ગઠજોડ કરવામાં આવી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

### કોરોના દર્દી બચાવતા ડોક્ટર પર રશિયાની નજર પહોંચી પણ ગુજરાત સરકારની કેમ ન પહોંચી....?

વિશ્વભરમાં કોરોના મહામારીએ લોકોમાં મોટો ભય ઊભો કર્યો છે- મૃત્યુનો ડર ફેલાવી દીધો છે....! વિશ્વના ૧૨૧ જેટલા દેશો કોરોના નાથવા માટેની દવા શોધવામાં ગળાડૂબ બની ગયા છે. ત્યારે ગુજરાતમાં આવેલ ભાવનગર શહેરમાં એક નામાંકિત ડૉ.દિપક ગોલવાલકર કે જેમની એક સામાન્ય દવાને લઈને અનેક કોરોના સંક્રમિતો સ્વસ્થ થઈ ગયા છે. આ દવાને સફળતાને લઈને રશિયાએ પણ તેમનો સંપર્ક કર્યો હતો અને રશિયાની ટીમમાં જોડાવા માટે ઓફર કરી છે તેમ ડૉ.નુ કહેવુ છે. માત્ર ×મિથોલીન બ્લ્યુ× દવા જીભ નીચે મૂકવાથી કોરોના ખતમ થઈ જાય છે તેવુ એક ચેનલના ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું. ટીબી જેવા રોગો ઉપરાંત અન્ય કેટલાક રોગોમાં આ દવા ઉપયોગી છે.ભાવનગર સહિતના આ વિસ્તારના લોકોમા આ ડોક્ટર લોકપ્રિર છે. અને કોરોના નાથવામાં સફળતા મળતા આ સમગ્ર પંથકના લોકો વધુ ખુશ થયા છે. તેમના ચેનલ સાથે નો ઈન્ટરવ્યૂ ઓડિયો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. છતાં ગુજરાત સરકાર કે તેના આરોગ્ય તંત્રના વડાઓ કે કેન્દ્ર સરકાર કે તેના આરોગ્ય અધિકારીઓ કોઈના ધ્યાનમાં આ બાબત નજરમાં આવી લાગતી નથી. નહીં તો કોરોના પાથરનાર આ ડૉ. પર તેઓનું ધ્યાન આવી ગયુ હોત. હજુ સુધી ગુજરાત કે કેન્દ્ર સરકારનું જવાબદાર આરોગ્ય તંત્ર તેમના સુધી પહોંચ્યું નથી... પરંતુ રશિયાનુ તંત્ર તેમની પાસે પહોંચી ગયું છે. ત્યારે લોકો ખૂબ ચર્ચા કરી રહ્યા છે કે ×ગંગા નજીક વસનારાઓને પવિત્ર ગંગાની કિંમત ન હોય× કે× ઘરકી મૂર્ગી દાલ બરાબર× એ રીતે સરકારી તંત્ર ધ્યાન આપતો નથી તેવું કહી શકાય તેવી વાતો સાથે શિક્ષિત વર્ગમાં ચર્ચા છે કે આ દવા નહીં કિંમતમાં મળી રહે એટલે પછી મોટી ફી લેનારાઓનુ શું....?

અને દવા ઉત્પાદક કંપનીઓના તગડા નફાનું શું...?! એટલે કદાચ સરકાર કે તેનુ તંત્ર તેઓની ચિંતા કરતી હોઈ શકે....! નહીંતો કોઈનું નહીં પરંતુ ગુજરાત સરકારનું ધ્યાન ભાવનગર પર તો ગયું જ હોત.....!! હવે સરકાર પોતે જ આ ડોક્ટર દિપક ગોલવાલકરની દવા તરફ ધ્યાન આપે તે જરૂરી છે.... કારણ ગુજરાતમાં કોરોના કેસોની ટોટલ સંખ્યા ૮૭ હજાર પહોંચવા તરફ આગળ વધી રહી છે અને મૃતાક ૨૯ હજાર થવા પર છે ભારતમાં કોરોના કેસોની સંખ્યા ૩૧ લાખથી આગળ જઈ રહી છે અને મૃત્યુ આંક ૫૮ હજાર થવા તરફ જઈ રહ્યો છે. ભારતની આબોહવા અને લોકોની તાસીરને લઈને આપવામાં આવતી દવાથી ૨૩ લાખ ૩૮ હજારથી વધુ લોકો સ્વસ્થ થઈ ગયા છે. તો વિશ્વમાં કોરોના કેસો ૨ કરોડ ૩૬ લાખને ટચ કરવાની તૈયારીમાં છે જ્યારે મૃત્યુ આક ૮ લાખ ૧૨ હજારથી વધુ નોંધાયા છે.....!

કોરોના રોકવા કે તેનાથી બચવા માટે **lockdown** છૂટછાટમાં મોઢા પર માસ્ક, અને ડિસ્ટન્સ ફરજીયાત કરવા સાથે તેના નિયમ ભંગ કરવા બદલ દંડ કરવાની જોગવાઈઓનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. પરંતુ આ નિયમો માત્ર સામાન્ય પ્રજા માટે જ હોય તેવી ઘટનાઓ એક પછી એક બહાર આવી રહી છે. ખાસ તો સ્મશાનયાત્રામાં કે વિધિમાં ૨૦ થી વધુ લોકોએ એકઠા થવાનું નહીં, લગ્ન પ્રસંગે માસ્ક,ડિસ્ટન્સ જાળવવા સાથે ૫૦ થી વધુ લોકોએ એકઠા થવાનું નહીં.જ્યારે બીજી તરફ રાજકીય ક્ષેત્રે વિવિધ મીટીંગો,ચૂંટણી પ્રચાર કે રાજકીય નેતાની મુલાકાત આગતા- સ્વાગતા વગેરેમાં મોઢા પર માસ્ક ન હોય ડિસ્ટન્સ ન હોય અને સંખ્યા પણ મોટા પ્રમાણમાં હોય તેમની સામે કોઈ પગલાં નહીં, દંડ નહીં,કોઈ પગલાં નહીં, કશું જ નહી.... ત્યારે આમ પ્રજામાં આક્રોશ ફરી વળે તે સ્વાભાવિક છે. અને આમ પ્રજા સવાલી ચર્ચા કરે છે કે મ કાયદા માત્ર પ્રજા માટે જ છે....? તાજેતરમાં રાજકોટ ખાતે ક્રિકેટરના પ્રત્નિની ગાડી પોલીસે રોકી માસ્ક ન હોવાથી પોલીસ સાથે રકઝક થઈ પણ મોટું માથું હોવાથી પોલીસ કશું કરી શકી નહીં, તો આરોગ્ય મંત્રીના પુત્ર મિત્રને કફર્યુથી બચાવવા દોડી જાય અને એક સામાન્ય કોન્સ્ટેબલની સાથે અણછાજતુ વર્તન થાય અને શું કહેવાય....? અને આવા સમયમાં ગુજરાત ભાજપાના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ સૌરાષ્ટ્ર વિસ્તારની મુલાકાતે જાય ત્યાં ઠેર ઠેર માસ્ક તથા ડિસ્ટન્સના ધજીયા ઉડે તેવી રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવે, મંદિર મુલાકાતે પણ એ જ હાલત..... તો જમવામાં ૩૦૦ થી ૩૫૦ વ્યક્તિઓ જ્યાં ડિસ્ટન્સ રાખવાનું જાણે હવાઈ..... આને શું કહેવાય....?લોકો સવાલ કરી રહ્યા છે કે શું કાયદો માત્ર પ્રજા માટે જ છે.....?! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૫-૮-૨૦૨૦, **મંગળવાર**, ભાદરવા સુદ-૮
સૂર્યોદય-૬-૨૯, સૂર્યાસ્ત-૭-૦૯, જૈન નવકારશી-૭-૧૭,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ વિશાખા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૩૯થી ચલ-લાભ-અમૃત ૧૪-૨૪ સુધી, ૧૫-૫૯થી શુભ-૧૭-૩૪ સુધી, ૨૦-૩૪ થી લાભ-૨૧-૫૯ સુધી, ૨૩-૨૪થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૯ સુધી

**- શુભ હોરા-**

૮-૩૫ થી ૧૧-૪૫ સુધી,૧૨-૪૯થી ૧૩-૫૨ સુધી,૧૫-૫૯થી ૧૯-૦૯ સુધી,૨૦-૦૫ થી ૨૧-૦૨ સુધી

### રાહુલ ગાંધીએ સિબ્બલ-આઝાદ પર ભાજપ સાથે મિલિભગતનો આરોપ મૂકતા ચકચાર

# નેતૃત્વ અટકળો વચ્ચે સોનિયા ગાંધી જ રહેશે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ

**રાહુલે ક્યારેય ભાજપ સાથે મિલિભગતની વાત નથી કરી, જો ભાજપ સાથેની સાંઠગાંઠની વાત સાબિત કરી આપો તો હું રાજીનામું આપી દઉં: આઝાદ**

ન્યુ દિલ્હી,તા.૨૪

કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે સોનિયા ગાંધી અત્યારે પક્ષના વચગાળાના અધ્યક્ષ પદ પર યથાવત રહેશે. કોંગ્રેસમાં નેતૃત્વ સંકટ વચ્ચે આજે કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક યોજાઈ હતી. નેતૃત્વ અંગે આ બેઠકમાં ખુલ્લીને ચર્ચા-વિચારણા થઈ હતી. બેઠક દરમિયાન પાર્ટીના વચ્ચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે હવે તેઓ પક્ષના અધ્યક્ષ તરીકે બની રહેવા ઈચ્છતા નથી. પણ અનેક નેતાઓએ તેમને પોતાનો કાર્યભાર જાળવી રાખવા માટે અપીલ કરી હતી.

કોંગ્રેસ કાર્યસમિતિની બેઠક 'મહાભારત'માં ફેરવાઈ હોય એમ લાગી રહ્યું છે. સોનિયા ગાંધીએ અંતરિમ અધ્યક્ષ પદથી રાજીનામું આપવાની રજૂઆત કરી અને સાથે જ એ પત્રનો જવાબ પણ આપ્યો જેમાં નેતૃત્વ પર સવાલ ઉભા કરવામાં આવ્યા હતા. ત્યાર બાદથી કોંગ્રેસ સમિતિ બે ભાગમાં વેચાઈ છે. એક તરફ ગાંધી પરિવારનું સમર્થનમાં કરતા લોકો દેખાઈ રહ્યા છે ત્યારે બીજી તરફ બળવાખોર નેતાઓએ પણ ખુલ્લેઆમ પડકાર આપ્યો છે.

સોનિયા ગાંધીનો પક્ષ લેતા પૂર્વ પીએમ મનમોહન સિંહ અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા એ.કે. એન્ટનીએ પત્ર લખવાની પ્રક્રિયાની ટીકા કરી અને નેતૃત્વમાં ફેરફાર કરવાની માંગ કરતા નેતાઓ સામે ગુસ્સો વ્યક્ત કર્યો. ત્યાર બાદ રાહુલ ગાંધીએ પણ ખૂબ જ કડક વલણમાં પત્રની ટાઈમિંગ પર સવાલ ઉભા કરતા એવું કહ્યું કે પત્ર બીજેપી સાથે સાઠગાંઠ કરી લખવામાં આવ્યો છે. રિપોર્ટ પ્રમાણે રાહુલ પછી પ્રિયંકા ગાંધીએ પણ ગુલામ નબી આઝાદને લઈ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

ગાંધી પરિવારના આરોપો બાદ ગુલામ નબી આઝાદ સીડબલ્યુસીની બેઠક દરમિયાન કહ્યું હતું કે જો મિલીભગત સાબિત થાય તો તેઓ પોતાના પદથી રાજીનામું આપી દેશે. જો કે, આઝાદે જવાબ આપતા રાહુલ ગાંધીનું નામ નહોતું લીધું. બીજી તરફ કપિલ સિબ્બલે ટ્વીટ કરી રાહુલ ગાંધીના આરોપોનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે,'મે રાજસ્થાન હાઈકોર્ટમાં કોંગ્રેસ પાર્ટીનો પક્ષ લીધો. મણિપુરમાં પાર્ટીનું સમર્થન કર્યું. છેલ્લા ૩૦ વર્ષોમાં કોઈ પણ મુદ્દે બીજેપીના પક્ષમાં ક્યારેય નિવેદન નથી આપ્યું. તેમ છતાંય અમે બીજેપી સાથે જોડાયેલા છીએ?'

જો કે, ત્યાર બાદ કપિલ સિબ્બલે પોતાનું ટ્વીટ ડિલિટ કરી કહ્યું કે,'મે રાહુલ ગાંધી સાથે વાત કરી તેમણે પોતે મને જણાવ્યું કે તેમણે આવા શબ્દોનો ઉપયોગ નથી કર્યો. તેથી હું મારું જૂનું ટ્વીટ ડિલિટ કરી છું.' બીજી તરફ કોંગ્રેસ આઈટી સેલની પૂર્વ ચીફ દિવ્યા સ્પંદનાએ પત્ર લખનારાઓ પર નિશાન સાધ્યો હતો.

આપને જણાવી દઈએ કે સોનિયા ગાંધીને ૭ ઓગસ્ટનો રોજ પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ એક પત્ર લખી કોંગ્રેસ નેતૃત્વ પર સવાલ ઉભા કર્યા હતા. કોંગ્રેસના ૨૭ નેતાઓના હસ્તાક્ષર આ લેટરમાં હતા એવું બતાવવામાં આવી રહ્યું છે. જ્યારે મુદ્દા સાથે સંકળાયેલ સૂત્રોનું કહેવું છે કે માત્ર ૨૩ નહીં પરંતુ દેશભરના કુલ ૩૦૩ કોંગ્રેસ નેતાઓએ ડિજિટલ માધ્યમથી આ પત્ર પર સંમતિ દાખવી છે.

### નિફટી ૬ મહિનાની ટોચે, મિડકેપમાં તેજીની ડબલ હેટ્રિક

# શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૩૬૪ અંક ઉછળી ૩૮૭૮૮ની સપાટીએ



મુંબઈ,તા.૨૪

વૈશ્વિક બજારોના સકારાત્મક વલણમાં આજે નાણાકીય કંપનીઓના શેરમાં તેજી જોવા મળી. દિવસના કારોબાર પછી શેર બજાર સોમવારે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે વધારા સાથે બંધ રહ્યો. બોમ્બે સ્ટોક એક્સચેંજનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ ૩૬૪.૩૬ પોઈન્ટના ઉછાળા સાથે ૦.૯૫ ટકા વધીને ૩૮૭૮૮.૦૮ પર બંધ રહ્યો છે. તો નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૦.૮૩ ટકા વધીને ૯૪.૮૫ પોઈન્ટના વધારા સાથે ૧૧૪૬૬.૪૫ના સ્તર પર બંધ રહ્યો છે. દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે ઝી લિમિટેડ, કોટક બેંક, ઈન્ડસઈન્ડ બેક્ન, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેક્ન, આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, બજાજ ફિનસવર, મારુતિ અને એસબીઆઈના શેર લીલા નિશાન પર બંધ થયા છે. પાવર ગ્રીડ, એમ એન્ડ એમ, અદાણી પોર્ટ્સ, હિંડાલ્કો, ગ્રાસિમ, ટેક મહિન્દ્રા, સિપ્લા, ટાઈટન, નેસ્લે ઈન્ડિયા અને હીરો મોટોકોર્પના શેરો લાલ નિશાન પર બંધ થયા છે.

જો સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે ફાર્મા, રિયલ્ટી અને આઈટી સિવાય તમામ સેક્ટર લીલા નિશાન પર બંધ થયા છે. આમાં ધાતુઓ, મીડિયા, બેંકો, પીએસયુ બેંકો, ફાઈનાન્સ સેવા, ખાનગી બેંકો, ઓટો અને એફએમસીજી શામેલ છે.

બજારની આ રેલીમાં સૌથી મોટો ફાળો લિક્વિડિટીનો છે. બજારમાં નાના રોકાણકારોનું જોમ વધતા નાના શેરમાં લેવાલી જોવા મળી રહી છે. મિડકેપ ઈન્ડેકસમાં તેજીની ડબલ હેટ્રિક જોવા મળી છે. સતત છઠ્ઠા સેશનમાં નિફ્ટી મિડકેપ ઈન્ડેકસ વધીને બંધ આવ્યું છે. મિડકેપ ઈન્ડેકસ ૧લી જુલાઈ બાદના ટોચે બંધ આવ્યું છે. બીએસઈ ખાતે આજે ૧૬૬૯ શેર વધીને તો ૧૧૯૩ શેર ઘટીને બંધ આવ્યા છે તો ૧૭૨ શેરમાં કોઈ ફેરફાર નથી જોવા મળ્યો. ૨૧૮ શેરમાં ૫૨ સપ્તાહનો હાઈ અને ૪૯ શેરમાં ૫૨ સપ્તાહનું તળિયું જોવા મળ્યું છે.

## મોરેટોરિયમ કોને આપવું તે હવે બેન્કો નક્કી કરશેઃ આરબીઆઈ ગવર્નર



ન્યુ દિલ્હી,તા.૨૪

લોન મોરેટોરિયમ પર આરબીઆઈએ અંતિમ નિર્ણય લેવાનો છે. કેટલાક લોકો આને વધારવાની માગ કરી રહ્યા છે. ત્યાં મોટી સંખ્યામાં લોકો આને તરત જ ખતમ કરવાના પક્ષમાં છે. ખાસ કરીને બેક્ન હવે મોરેટોરિયમને ઓગસ્ટથી આગળ વધારવાના પક્ષમાં નથી. હાલ ઓગસ્ટ સુધી લોકોને મોરેટોરિયમનો લાભ મળી રહ્યો છે.

આરબીઆઈના ગર્વનર શક્તિકાંત દાસે કહ્યુ કે મોરેટોરિયમ કોને આપવુ છે અને કોને નહીં તે બેક્નોએ હવે નક્કી કરવાનુ છે. તેમણે કહ્યુ કે મોરેટોરિયમ એક અસ્થાયી સૉલ્યુશન હતુ. મોરેટોરિયમના કારણે સ્થાયી ઉકેલ કાઢવો જરૂરી છે. રેઝોલ્યુશને મોરેટોરિયમને રિપ્લેસ કર્યુ છે.

કોરોના સંકટના કારણે માર્ચમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યુ. લોકડાઉનના કારણે કામ-ધંધા બંધ હતા. ઘણા લોકો લોનની EMI નહીં ચૂકાવવાની સ્થિતમાં હતા. જેને જોતા રિઝર્વ બેક્ન ઑફ ઈન્ડિયાના આદેશ પર બેક્નોથી EMI નહીં ચૂકવવા માટે ૬ મહિનાની સમય મર્યાદા મળી ગઈ પરંતુ હવે કેન્દ્રીય બેક્નને અપીલ કરવામાં આવી રહી છે કે મોરેટોરિયમને આગળ વધારવામાં આવશે નહીં. કેન્દ્રીય રિઝર્વ બેક્કે મોરેટોરિયમની સુવિધાને ૩૧ ઓગસ્ટ સુધી માટે વધારવામા આવ્યુ છે. ગત ૨૭ માર્ચનો આરબીઆઈએ પહેલીવાર બેક્નોથી EMI ચૂકવણી ટાળવા એટલે કે મોરેટોરિયમને કહ્યુ હતુ. જ

## પીએમ કેર્સ ફંડમાંથી બિહારમાં ૫૦૦ બેડની બે હોસ્પિટલ બનશે

પટના,તા.૨૪

દેશમાં ઝડપથી વધી રહેલા કોરોના સંક્રમણના મામલાઓને ધ્યાને લઈ કેન્દ્ર સરકારે પીએમ કેયર્સ ફંડથી કોરોના હૉસ્પિટલ બનાવવાની કવાયત તેજ કરી દીધી છે. અહેવાલ છે કે કોરોના મહામારીની વચ્ચે હૉસ્પિટલની અછતનો સામનો કરી રહેલા બિહારમાં કેન્દ્ર સરકાર બે કોરોના હૉસ્પિટલ બનાવવા જઈ રહી છે. ૫૦૦ બેડવાળી આ હૉસ્પિટલ પટના અને મુજફ્ફરપુરમાં ઊભી કરવામાં આવશે. બિહારમાં કોરોના વાયરસનું સંક્રમણ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યું છે. બિહારમાં ૧.૨૨ લાખથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યા છે. બિહારમાં સ્વાસ્થ્ય સેવાઓની સ્થિતિ પહેલાથી જ ખૂબ ખરાબ છે. કોરોના મહામારીને જોતાં કેન્દ્ર સરકારે પીએમ કેર્સ ફંડથી બિહારમાં હવે બે કોવિડ કૉસ્પિટલ બનાવવાને લીલી ઝંડી આપી દીધી છે. બિહારમાં બનવા જઈ રહેલી બંને હૉસ્પિટલોને તૈયાર કરવાની જવાબદારી ડીઆરડીએને આપવામાં આવી છે. આ બંને હૉસ્પિટલ પટના અને મુજફ્ફરપુરમાં ઊભી કરાશે અને બંનેમાં ૫૦૦ બેડની વ્યવસ્થા હશે.



કોરોનાના સંકટ વચ્ચે નાના-નાના ભૂલકાઓને ઘરમાં જ પૂરાઈને રહેવાની ફરજ પડી છે ત્યારે તસવીરમાં આ બાળક ગણપતિના કાનમાં જાણે કહી રહ્યો હોય કે 'હે બાપ્પા તમે એવું કંઈક જાદુ કરો કે વિઘ્ન ટળી જાય અને અમે ફરી બહાર જઈને રમી શકીએ' એવું લાગે છે.

## સતત પાંચમા દિવસે પેટ્રોલના ભાવમાં વધારોઃ ૯ દિવસમાં ૧.૧૯ રુપિયા મોંઘુ થયુ

ન્યુ દિલ્હી,તા.૨૪

પેટ્રોલની કિંમતમાં તેલ કંપનીઓ સોમવારે ફરી વધારો કર્યો છે. છેલ્લા પાંચ દિવસથી પેટ્રોલની કિંમત સતત વધી રહી છે. સોમવારે ૧૩ પૈસાના વધારા સાથે દિલ્હીમાં પેટ્રોલનો ભાગ ૮૧.૬૨ રૂપિયા લીટર થઈ ગયો છે.

પાછલા સપ્તાહમાં માત્ર એક દિવસને છોડીને બાકી બધા દિવસોમાં પેટ્રોલની કિંમતમાં વધારો થયો છે. પરંતુ ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. ડીઝલની કિંમતમાં પાછલા મહિને મોટો વધારો કંપનીઓ કરી ચુકી છે. છેલ્લા ૯ દિવસમાં પેટ્રોલ આશરે ૧.૧૯ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. સોમવારે વધારા બાદ દિલ્હીમાં પેટ્રોલ ૮૧.૬૨ રૂપિયા અનેડ ડીઝલ ૭૩.૫૬ રૂપિયા લીટર થઈ ગયું છે. મુંબઈમાં પેટ્રોલ ૮૮.૨૮ રૂપિયા અને ડીઝલ ૮૦.૧૧ રૂપિયા લીટર છે. ચેન્નઈમાં પેટ્રોલ ૮૪.૬૪ અને ડીઝલ ૭૮.૮૬ રૂપિયા લીટર છે. આ રીતે કોલકત્તામાં પેટ્રોલ ૮૩.૧૩ રૂપિયા લીટર અને ડીઝલ ૭૭.૦૬ રૂપિયા થઈ ગયું છે. નોંધનીય છે કે, છેલ્લા ૯ દિવસમાં પેટ્રોલ ૧.૧૯ રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. ૧૯ ઓગસ્ટે પેટ્રોલના ભાવ સ્થિર રહ્યા હતા.

### રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બાઈડનનું નિવેદન

# કોરોના મહામારી કાબૂમાં નહીં આવે તો અમેરિકાની અર્થવ્યવસ્થા બંધ કરી દઈશું

વોશિંગ્ટન,તા.૨૪

ડેમોક્રેટિક પાર્ટી તરફથી અમેરિકાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જૉ બાઈડને નિવેદન આપ્યુ છે. તેમણે કહ્યુ કે, તેમના રાષ્ટ્રપતિ બન્યા બાદ જો કોરોના મહામારી કાબુમા નહીં આવે તો, તેઓ સ્વાસ્થ્ય સલાહકારોની સલાહ માનશે અને જરૂરિયાત પડી તો અમેરિકાની અર્થવ્યવસ્થાને બંધ કરી દેશે કારણ કે તેમના માટે લોકોની જિંદગી તેની પહેલી પ્રાથમિકતા છે.


એક ઈન્ટરવ્યુમા તેમણે કહ્યુ કે, હું એ દરેક પગલા લેવા તૈયાર છું. જેનાથી લોકોની જિંદગી બચી શકે. કોરોના વાઈરસને કાબુમા કરવા માટે દેશને બંધ કરવો પડે તો અમે આ પગલા પણ લઈશુ.

અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જૉ બાઈડેને હોલના સમયમા ઉપરાષ્ટ્રપતિના પદ માટે કમલ હેરિસની સાથે પહેલી વાર ઈન્ટરવ્યુમા આ વાત કહી છે. બંન્ને નેતાઓએ છેલ્લા અઠવાડિયામા અધિકારીઓના રૂપે ડેમોક્રેટિક પાર્ટીની તરફથી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદ માટે નામાંકન સ્વીકાર્યુ છે. જ્યારે રિપબ્લિક પાર્ટીના એક ભવ્ય કાર્યક્રમમા ડોનાલ્ડ ટ્રમ્પ અને માઈક પેંસના નામ પર મોહર લગાવવાની વાત ચાલી રહી છે.

જૉ બાઈડેનએ હાલના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ તેમના નિવેદન પર વળતો જવાબ આપ્યો, તેમણે કહ્યુ કે, હું ફરીથી રાષ્ટ્રપતિ બનીશ. જો ચુંટણીમા કોઈ ગડબડ ના થઈ તો, તેમણે આશંકા વ્યક્ત કરી કે ચુંટણી હારી ગયા બાદ પણ ટ્રમ્પ વ્હાઉટ હાઉસ સરળતાથી ખાલી નહીં કરે.

ડેમોક્રેટિક પાર્ટીની તરફથી ઉપરાષ્ટ્રપતિ પદ પર પહેલી વાર અશ્વેત મહિલા ઉમ્મેદવાર બનેલી કમલ હેરિસએ કહ્યુ કે, તેઓ અને જો બાઈડેન બન્ને સિસ્ટમ બદલવા માગે છે અને કોઈ પણ રીતના ભેદભાવને પૂર્ણ કરવા માગે છે.

# સુશાંતના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સીબીઆઈને મળી મોટી ગરબડ



મુંબઈ,તા.૨૪

બોલીવુડ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મોતની તપાસ કરી રહેલી સીબીઆઈ ટીમને દરરોજ કંઈક એવા પુરાવા મળી રહ્યા છે જે જણાવે છે કે સુશાંત સિંહ રાજપૂતના મોતમાં જેવું જોવા મળી રહ્યું છે તેવું નથી. સીબીઆઈ તપાસની વચ્ચે પોસ્ટમોર્ટમ રિપોર્ટે આ કેસને સંપૂર્ણ રીતે ગુંચવી દીધો છે અથવા એમ કહો કે સુશાંતના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જે પ્રકારના ચેડાં થયા છે તે જોઈને લાગે છે કે આ આત્મહત્યાનો કેસ નથી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુશાંતના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સીબીઆઈની ટીમને ઘણી જ ગરબડ જોવા મળી રહી છે. રિપોર્ટમાં સુશાંતના ગળા પર બનેલા નિશાન અને કપડામાં અંતર જોવા મળ્યું છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોતના સમયનો કોઈ ઉલ્લેખ નથી. સામાન્ય રીતે સાંજ ઢળ્યા બાદ પોસ્ટમોર્ટમ નથી કરવામાં આવતુ, પરંતુ સુશાંતનું પોસ્ટમોર્ટમ રાત્રે જ કેમ કરી દેવામાં આવ્યું? મુંબઈ પોલીસે જેટલી ઝડપથી સુશાંતના કેસમાં પોસ્ટમોર્ટમ કરાવ્યું છે તે શંકા ઉત્પન્ન કરે છે.

કોરોના મહામારીના સમયમાં જ્યાં સુધી કોરોના ટેસ્ટનો રિપોર્ટ ના આવી જાય ત્યાં સુધી બૉડી હાથમાં પણ લેવામાં આવતી નથી, પરંતુ સુશાંતનું પોસ્ટમોર્ટમ પહેલા જ કરી દેવામાં આવ્યું. આખરે ડૉક્ટરોને આટલી ઉતાવળ કેમ હતી? એટલું જ નહીં, સીબીઆઈની ટીમ જ્યારે કૂપર હૉસ્પિટલમાં ડૉક્ટરોની પૂછપરછ કરવા પહોંચી તો ડૉક્ટરોએ સ્પષ્ટ કહ્યું કે મુંબઈ પોલીસના કહેવા પર જ તેમણે આટલી ઉતાવળ કરી હતી. સીબીઆઈની ટીમે જ્યારે આ મામલે બાંદ્રા પોલીસથી આ વિશે પ્રશ્ન કર્યો તો તેમણે કહ્યું કે આ અત્યારે ફાઈનલ રિપોર્ટ નથી.

સીબીઆઈની ટીમને એ સમયે આ આખા કેસમાં ગરબડ લાગી જ્યારે તેમણે તપાસમાં જોયું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમા સુશાંતના મોતનું કારણ ફાંસી લગાવી લેવી અથવા શ્વાસ રૂંધાવાને ગણાવવામાં આવ્યું, જ્યારે રિપોર્ટમાં ગળા પર લિગેચર માર્ક હોવાનો ઉલ્લેખ છે. આને આસાન ભાષામાં સમજીએ તો ગળા પર ઊંડા નિશાન છે.

આ વાતનો ઉલ્લેખ ઑટોપ્સી રિપોર્ટમાં પણ કરવામાં આવ્યો છે. સુશાંત સિંહ રાજપૂતના મોતના કેસમાં એમ્સની ટીમ મેડિકલ તારણોની સાથે તેમની ઈજાની પેટર્નનું વિશ્લેષણ કરશે. એમ્સના ડૉક્ટરોની ટીમ મૃતદેહ પર લાગેલી ઈજાના પેટર્નને જોશે અને પરિસ્થિતિ પુરાવાઓ સાથે મેળવશે. રિપોર્ટના આધાર પર જ ફોરેન્સિક એક્સપર્ટ મોતના કારણોની તપાસ કરશે.

# એક સાચા સરદારની શોધમાં!

આઝાદીના દિવસે ધ્વજવન્દ માં હાજરી આપ્યા પછી હું મારી કરમાં બેઠો અને પોઢાપરથી માસ્ક જેવો ખસેડ્યો નથી કે બે જુના મિત્રો અચાનક દરવાજો ખોલી પાછલી સીટ પાર બેસી ગયા. ચાલો થોડી ગપશ્પ થઈ જશે તો સમય અને રસ્તો જલ્દી પસાર થશે એમ માની આવકાર્ય. કેમછો ભાઈ, તમે આવી ગયા તે સારું થયું, નહીતો બસના ધકકા ખાવા પડત, પેલા બે માંથી એક જણાએ કહ્યું, ×આવી ઉજવણી પેહલાં કોઈ દિવસ નથી થઈ. મેં પૂછ્યું કે એમાં નવાઈનું શું હતું? એજ ભાષણો અને એજ રિવાજ, પછી ઝંડો ફરકાવી અને જણગણમન ગાઈને બધા વિખરાઈ જાય છે. પેલા ભાઈ જરા આગળ નામી બોલ્યા, ના ભાઈ ના આ પ્રસંગની વાત નથી કરતો. હું તો દિલ્હી ના લાલકિલ્લા ની વાત કરુંછું. 'હા, પ્રંસગ તો ખુબજ સરસ રીતે ઉજવાયો હતો' મેં, હાં માં હાં પુરી.

થોડીવાર પછી અચાનક એક ભાઈ જેનું નામ આપણે મથુરભાઈ રાખીશું , બોલાય?, ×જુવોને, જો આ સરદાર પટેલને ગાંધીજી એ વડાપ્રધાન બનાવ્યા હોત તો આજે ભારત કેવો આગળ આવી ગયો હોત.આ ભાઈ એક સરદાર સ્મારક સમિટી ના મોટા હતા. માટે મારે થોડું મન અને વાણી બને ઉપર કાબુ રહેવામાં ડાહપણ છે માંની મેં માથું હલાવ્યું. એ કેવી રીતે?, મેં અજાણ્યા થઈને પૂછ્યું? મથુરભાઈએ તુરત કહ્યું, 'જુવોને, વાત એમ છે કે જો નહેરુ કે ગાંધી કરતા સરદારના હાથમાં સુકાન હોત તો ભારતના ભાગલા થયા જ ના હોત. મને એમના ઈતિહાસની હકીકતની સમજાણ ઉપર દયા આવી. મેં કહ્યું કે જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી સરદાર પટેલની તબિયત છેલ્લા છ કે સાત વર્ષોમાં ઘણી લથડતી ગઈ હતી. પણ હકીકત તો એ છે કે ભારતના ભાગલા કોંગ્રેસ કે કોઈ નેતાઓના હાથમાં હતા જ નહિ. ના ના કહી તુરત મથુરભાઈ એ કાઉન્ટરકારવા કહ્યું, 'જુવોને આ નહેરુએ જો એડવિના માઉન્ટબેટનના ચક્કરમાં ના પડ્યા હોત તો ભાગલા ની વાતજ થવાની ન હતી?' હવે તો મને શરમ આવવા લાગી કે આ ભાઈ સરદાર સમિતિની મોટાઈ દેખાડે છે પણ હજુ એમ માને છે કે સરદાર પટેલ અને બીજા નેતાઓ જેના મોટાભાગના લંડનથી ભણી ને આવેલા ડકટરો કે બેરિસ્ટરો હતા તે એટલા નિર્બળ હતા કે આંખ મીંચી સહમત થઈ ગયા હોય! મેં પૂછ્યું કે તેમણે ગોલવલકર નું નામ ખબર છે? બીજાભાઇ, જેનું નામ નાથ્યાભાઈ રાખીશું, તુરત બોલ્યા; ઈ વળી કોણ છે? મેં વીર સાવરકર નું નામ સાંભળ્યું છે પણ આ વળી ગોલવાલકર કોણ હતો?

મને ખબર હતી કે આ માથુરિયાને બધુજ ખબર છે પણ નાટક કરે છે! લાગ્યું કે થોડી વાતો ઈતિહાસના પાન્ના પરથી કેટલીક સત્ય હકીકત કહી સાંભળવું. મેં સમજણ પાડવા પ્રયત્ન કર્યો, ' ૧૯૩૪માં, આઝાદીના લગભગ ચૌદ વર્ષો પેહલા જ ભારતના ભાગલાના બીજ રોપવાનું સત્ય ગુરુ ગોલવલકર ની - વી અવર નેશન ડિફાઈન નામની પુસ્તકમાં ઉલ્લેખાયુ હતું. અહીં માધવ સદાશિવ: સાવરકર જે રાષ્ટ્રીય સેવા સંઘના બીજા દરજ્જાના નેતા અને વિચારધારાના માર્ગદર્શક ગુરુમાં ગણાતા હતા. પછી ૧૯૩૭- આઝાદીના દાસ વર્ષો પેહલા- ત્યારના હિન્દૂ મહાસભાના પ્રમુખ વિનાયક દામોદર સાવરકરે અમદાવાદમાં તેમના વાર્ષિઓક અધીવેશનમાં કહ્યું હતો કે ભારત કોઈ એક સમાન જૂથ હોય એવો એક દેશ નથી. અહીં એક દેશમાં, બે રાજ્યો છે; એક હિન્દૂ અને બીજું મુસ્લિમ? આ વાત સમગ્ર સાવરકર વદમા -વોલ્યૂમ ૬, મહારાષ્ટ્ર પ્રાણીક હિન્દૂ સભા પુબ્લીકેશન;૧૯૬૩ -પનું ૨૯૬ દર્શાવવવામાં આવીછે. ઈતિહાસ સાક્ષી છે કે ઓગણિસઓને ચાલીસમાં -૧૯૪૦, જે છ વર્ષો પછી મહમ્મ્દઅલી જીન્હા એ લાહોરમાં પ્રથમ પ્રવચન આપી મુસ્લિમો માટે જુદો દેશ મળે તેની માંગ મૂકી હતી. વલ્ડવોરમાં ગુથયેલા બ્રિટનને તો આ બે જૂથોના સ્વાર્થ જોઈ માંઝાપડી હશે. પણ ભારતના બીજા સેક્યુલર નેતાઓ કોઈ કાચા પણ ન હતા. ૧૯૩૪માં એમ એન રોય જે ભારતને એક પ્રોગ્રેસિવ લોકશાઈ બાતોં જોવા માંગતા હતા તેમણે બ્રિટિશ સરકાર સામે કોન્સ્ટિટ્યૂઅન્ટ એસેમ્બલી બનાવવાનો વિચાર મુકેલો. જે ઓગણીસો પાંત્રીસમાં- ૧૯૩૫ માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસે તેમની નીતિ તરીકે સ્વીકારી. પછી શ્રી સી રાજગોપાલાચાર્યે ૧૯૩૯ માં સરકાર પાસે રજૂકરી અને બ્રિટિશરોએ તેને ઓગસ્ટ ૧૯૪૦માં સ્વીકારી.

હવે ધીમે ધીમે આ બન્ને ગોલવાલકર અને સાવરકર ના ૧૯૩૪ અને ૧૯૩૭ ના વિચારો સમયના ઢાંચામાં બરાબર બેસતા દેખાય છે. ચુનાવના રણશીંગા ની અપેક્ષા હતી અને હિંદુત્વના રાજકારણની વિચારધારા વાળા જૂથો ધર્મને નામે માથા પટકતા હતા જયારે કોંગ્રેસ સેકયુલર અને એક અખંડ ભારત માટે પોતાની શક્તિ વાપરતો હતો. અહીં હુન્દુ મહાસભા અને આર એસ એસ જેવી શકતિ ઓ કોન્ગ્રેસ નો વિરોધ કામ કરતી હતી. ગમે તેમ કહો પણ વૈચારિક દ્રષ્ટિએ ભારતના ભાગલા આ ધાર્મિક મહત્તા મુજબ કરવા એતો અહીંથી જ નક્કી કરી નખાય લગતા હતા. પછી નહેરુ કે ગાંધીને માથે છાણા કેમ થાપાય છે તે આશ્ચર્ય ની થાય છે? સરદાર પટેલ સેક્યુલર વિચારધારાના હતા અને કોંગ્રેસી પણ હતા તો પછી આજના હિન્દુત્વ રાજકારણીઓ ને હવે એકદમ તેમને માટે પ્રેમ કેમ ઉપજી ગયો છે, શું ગુજરાત કે પાટીદારોને ખુશ કરવા તો નથી ને, એમ મેં પૂછ્યું. જો સરદાર પટેલ વડાપ્રધાન બન્યાં હોત તો ય દેશને સેક્યુલર ભારત માંથી હિન્દુત્વ ભારત તો નાજ બનાવવા દત. અને તેમના રાજકીય જીવવનના સાથીદાર અને મિત્ર નહેરુ પર આજે જે રીતે ગાંદો કાદવ ઉડાડવા ની છૂટ -લાયસન્સ - કેટલાકને મળી ગઈ છે તેમને એક પાઠ શીખવાડી દીધો હોત. 'તેમે તો સરદાર સમિતિમાં છોને તો પછી આવા ખોટા પ્રચારો કેમ સાખી લો છો ?, મેં પૂછ્યું. પણ પેલા બંન્ને જણાંએ મૌન ધારી મુન્ડી હલાવતા રહ્યાં.

૧૯૪૬માં આ કાઉન્સિલ ની ચૂંટણી બ્રિટિશ રાજ્ય ના હાથમાં રહેલી જગ્યાઓમાં કરાઈ હતી જેમાં કોંગ્રેસ ને ૨૯૬ માંથી ૨૦૮ સીટો કોંગ્રેસ જીતીને આવી હતી. મુસ્લિમ લીગ પછી કોન્ગ્રેસથી જુદી થઇ ગઈ હટે, તે સ્વાભાવિક છે કે હવે તેમને પાકિસ્તાન બંનાવવાનું એક પાદક આપવામાં આવ્યું હતું. હિન્દુત્વના આધાર પર ભારત બનાવવાની વિચારધારા વાળા પોતાનો ગુસ્સો ગાંધીજી ઉપર કાઢવામાં પડી ગયા હતા. જે સરદાર કભી પણ સાંખીલેત નહિ. નવી ઈન્ટરિમ (મધ્યસ્થ) સરકાર બની જેમાં બંધારણ બંનાવવાની સમિટીના ચેરમેન બાબાસાહેબ આંબેડકર નિમાયા અને તેમની સાથે ખુબજ બાહોશ અને કાયદાના નિષ્ણાંતો પણ હતા. સરદાર પટેલ ની જવાબદાર આ રાજા રજવાડાંઓને ભારત સાથે જોડવા અને તેનેમાટે જે સમાધાની થાય તેની જોગવાઈ માટે બંધારણમાં ગોઠવણ કરવાની. માટે જે કોઈ એમ વાતો કરે છે કે નેહરુએ એકલાએ ૩૭૦ માટે જોગવાઈ કરી હતી તે રાજકીય સ્વાર્થ માટે આવી બિન પાયેદાર વાતો ગણાવે છે. સરદાર પટેલ અને આમ્બેડકર બંને લંડનમાં માં ભણેલા બેરિસ્ટરો હતા અને નીડર હતા. પેહલા દસકા પછી તો કાશ્મીર વિસ્તારમાં તો ભારત નો રાષ્ટ્રપતિ નીમેલો ગવર્નર હતો અને ઉપરથી ભજપ ની ત્યાંની પીડીપી પાર્ટી સાથે મળી સરકાર પણ હતી તો સત્તા તો આપણીજ હતીને! દિલ્હી થી લોકડોઉન કરી તેમના ઉપર રાજ્ય કરો કે પછી કોઈ સ્થાનિક પાર્ટી સાથે મળીને? શું ફેર પડ્યો છે?

કાશ્મીર અને બીજા નાના રાજ્યો ને ભારત સાથે જોડવા માટે સરદાર પટેલે એક ડેપ્યુટી પ્રાયમિનિસ્ટર અને ગૃહપ્રધાન તરીકે ખીબજ નિસ નિષ્ઠા પૂર્વક જવાબદારી સંભાળી હતી અને નિર્ણયો લીધા હતા. પછી સંપૂર્ણ કેબિનેટ ની મંજરી અને લોકસભાની, તો એક ને માથે જ છાણાં કેમ થાપવામાં આવે છે. અને આ કેટલાક સરદાર સમર્થકો જેમને અચાનક સેક્યુલર કોંગ્રેસી સરદાર ઉપર પ્રેમ ઉભરાઈ ગયો છે પણ હકીકત છુપાવી વાતો કરી અફવાઓ ફેરવે છે. . બંને મથુરભાઈ અને નાથ્યો, સાંજી ગયા અને બંને એકબીજાની સામે જોઈ અ ને મુંગે મોઢે સાંભળતા હતા. મેં ઉમેર્યું, આમ જોવાજાવ તો લોર્ડ માઉન્ટબેટન ની બ્રિટિશ સરકારે આઝાદી આપવાની પ્રવૃત્તિને સંભાળવા નીમ્યા હતા. તે તો ભારતમાં પ્રથમ વાર માર્ચ ૧૯૪૭ માં પેહલી વાર આવ્યા હતા. એક વાત તો નાકી છે કે કોંગ્રેસ અને નહેરુ અને ગાંધી ત્યારે અખન્ડ ભારતની માગ કરતા હતા. કમનસીબે, આપણા કેટલાક નેતાઓ વાત જાણી જોઈને ભૂલી જતા હોઈ છે કે આઝાદી તો બ્રિટિશરો પાસેથી જે ભાગ તે લોકોના પોતાના કંટ્રોલમાં હતો તે લેવાની હતો. પણ, ભૂલે છે કે બીજા પાંચસોને સાહીઠ -૫૬૦- જેટલા બીજા આઝાદ રાજારજવાડાઓ પણ હતા તેનું શું? અહીં કેટલાક જૂથ એવા પણ હતા હે જે અંગ્રેજોને ગાંધીની આઝાદીની લઢાઈ વૃરિદ્ધ જઈ તેમને સાથ આપતા હતા. માથુર ભાઈએ પૂછ્યું; ' તો નહેરુ નો ભાગ હતો, મારો બેટો ૧૯૪૭માં માઉન્ટબેટનની પત્ની એડવિના ના ચાકરમાં પડી ભારતના ભાગલા પણ કરી દેવા સહમત થી ગયા?

હું જરા ઉકળયો, 'આવા ગંદા પ્રચારો કરતા બેવકૂફો વિચારતા પણ નથી કે ઈતિહાસને તોડી-મરોડી રાજકારણના ફાયદા માટે વાપરશો તો આજે નહિ તો કાલેની નવી પેઢી જયારે ધૂળ ખંખેરી ઈતિહાસ ઢંઢોળશે તો આ રાજકારણીય હિન્દુત્વ વિચારધારાને એક 'જૂઠ' તરીકે પણ ગણશે. આજે હું આ હિન્દુત્વ વાળાઓના ટોળાઓવચ્ચે ખરેખાર એક સાચા ગાંધીજીના અનુયાયી એવા નેહરુજીના પરમ મિત્ર જેવા સેક્યુલર સરદાર પટેલ માટે કોઈ પણ હોય તેની શોધમાં છું કારણકે જે સેક્યુલર બંધારણ પાછળ મારા સરદાર વલ્લભાઈ પટેલે આખી જીન્દગી વિતાવી અને હવે તેમના નામની આડમાં જ જો સેક્યુલર બંધારણ માંથી સેક્યુલર કાઢી હિન્દુત્વ મુકાશે તો પૂ. શ્રી સરદારજી નો આત્મા પણ સ્વાર્ગમાં ફફડી જાય તો નવાઈ નહિ. આજે તેમને હાથો બનાવી સેક્યુલર અને અખંડ ભારતને હચમચાવી દેવાનું રાજકારણ ચાલુ થઇ ગયું છે.

દુઃખ ની વાત છે એમ કહી મેં ગાડી ઉભી રાખી. અને આ મથુરભઈ અને નાથિયાને કહ્યું, 'હું આ બધા જમેલામાં મારા સરદાર પટેલ ની શોધમાં ફાંફા મારુંછુ અને આ સરદારજીની ભવ્યપ્રતિમા ના દર્શનમાટે મારા પગ ઉપડતા નથી? કયા મોઢે હું એક ભારતીય તરીકે તેમની સામે જઈ એક શ્રદ્ધાંજલિ આપી શકું જયારે આજે કરોડો યુવાનો નોકરી માટે રખડે છે અને સામાન્ય માણસો માટે સરકારી ભણતર અને શારીરિક સેવાઓ અને ન્યાય માટે પોહોચવા માટે પૈસા નથી અને ચીન અમારી ઈકોનોમીમાં અને સરહદ માં પગ ખૂંપાવી બેસી ગયું છે. ત્યારે, પ્રચારો માટે સરકારી ખજાનામાંથી કરોડો બેફામ વપરાય છે. લોકસભાની સ્થિતિ શરમયક થઇ ગઈ છે, પોલીસ અને પ્રેસ પણ વેચાઈ ગયા છે લાગે છે કે હવે કોઈની પણ પૂછવાની હીંમ્મ્ત નથી થઈ શક્તિ !

તો મથુરભાઈ બોલ્યા તમે તો મને કોંગ્રેસી લાગો છો! મારે મોંઢે નીકળી ગયું, હું તો ભાઈ સેક્યુલર બધારંણ માં માનનારો છું. આતો ૨૦૧૪ માં મને એમ હતું કે આખરે કોઈ ગુડ ગાર્નન્સ અને ડેવલોપમેન્ટ કરનારો ખમીર નીકળ્યો છે જે બ્રષ્ટાચાર ને સામે જીગરથી બાથભીડી શકશે,પણ જયારે પાછળ વળી જોયું તો એક ઝાટકો અનુભવ્યો છે. પણ, તમે તો આમ હિંદુત્વના એજન્ડામાં માનનારા છો પછી તો આ સરદાર સમિતિ માં શું કરો છો? આમ બે ભારતીઓ સામાં સામી થઈ ગયા અને પછી એકતા અને અખન્ડ ભારતના સ્વપ્ન સેવતા પોતપોતાને ઘરે જતા રહ્યા?.

બુદ્ધદેવ પંડ્યા સ્મ્ઈ, યુનાઇટેડ કિંગડમ

# સાહિત્ય સરિતા



નર્મદ વિશ્વ ગુર્જરી દિવસ

નાના હતાને પાઠશાળામાં જય જય ગરવી ગુજરાત નું પઠન થતું તો એક જોમ શરીરમાં આવી જતું. શૌર્યનો પરવાનો ચઢાવનાર અને ગુજરાતી ભાષામાં પહેલી આત્મકથા મારી હકીકત આપનાર એટલે જ .......?? નર્મદ.

તેમનો જન્મ ૨૪ ઓગસ્ટ ૧૮૮૩માં સુરતમાં થયો હતો.મૂળ નામ હતું નર્મદાશંકર લાભશંકરજી દવે.તેઓ નિબંધકાર, કવિ ને નાટ્યસંવાદલેખક હતા. સાથે તેમણે ગુજરાતીભાષાને ઉત્તમભેટ આપી કોશ અને પિંગળની વ્યાકરણનો શુધ્ધ પાયો નાંખી ..લોકો સુધી પહોંચાડ્યો.

લોકવાયકા છે કે પોતાનું લખાણ બે ત્રણ કાગળમાં લખી ભૂંગળામાં શીલ કરી તાપીનદીમાં વહેતું કરતા જેથી લોકો સુધી પહોંચે. તેઓનો અભ્યાસ મુંબઈ ને સુરતની વચ્ચે પૂર્ણ થયો.રાંદેરની શાળામાં શિક્ષક તરીકે ૧૮૫૨માં જોડાયા . કવિ જીવ તેથી કવિતાઓ તરફ પહેલું આકર્ષણ થયું. ભણવામાં આવતી વર્ડઝવર્થની કવિતાઓ એ જીવનમાં બદલાવ આણ્યો. એલફિસ્ટન ઈન્સ્ટિટયુટમાં મદદનીશ શિક્ષક તરીકે કામ શરૂ કર્યુ. કલમ હાથમાં આવીને ૧૮૫૮ શિક્ષકની નોકરી છોડી જીવનભર કલમને જીવન સોંપી દીધું.પોતાની દેશ પ્રત્યેના પ્રેમને કારણે ૧૮૬૪માં ડાંડિયો પખવાડિકની શરૂઆત કરી. કવિતરીકેઅર્વાચીનસાહિત્યયુગ શરૂ થયો. સાહિત્યમાં ખૂબ જ ફેરફાર કર્યા અને નવીન ગુજરાતી ભાષાના પદાર્પણ થયા.

પિંગળપ્રવેશ, વાકરણમાં નર્મવ્યાકરણ, વર્ણવિચાર અને અલંકાર પ્રવેશથી લોકોની ભાષા પ્રત્યેની રૂચી વધી.લેખ ને નિબંધ પણ ઉચ્ચ પરાકાષ્ઠાએ પહોંચ્યા.

નર્મકથાકોશમાં તેમણે મહાભારત, રામાયણ અને ભાગવતમાંની કથાઓના પ્રસંગ અને તેના પાત્રો અને ચરિત્રોને તેમણે કક્કાવારી(ક ખ ગ) પ્રમાણે સુંદર શૈલીમાં આલેખ્યા છે. તેમના કાવ્યોમાં ગુજરાતની યશગાથા ગાતું કાવ્ય.....

જય! જય! ગરવી ગુજરાત!
દીપે અરુણું પ્રભાત
જય! જય! ગરવી ગુજરાત!
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી, પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત. -
ઊંચી તુજ સુંદર જાત
જય! જય! ગરવી ગુજરાત!
ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.
છે સહાયમાં સાક્ષાત્
જય! જય! ગરવી ગુજરાત!
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણ ને રત્નાકર સાગર,
પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકર;
સંપે સોહે સહુ જાત
જય! જય! ગરવી ગુજરાત!
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસંગ;
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત!
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે વીતી ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ
જય! જય! ગરવી ગુજરાત!

વાંચક મિત્રો ફક્ત ૫૨ (બાવન) વર્ષની ઉમ્મરે યા હોમ કરીને પડો,ફત્તેહ છે આગે કહેનાર અને દેશ દાઝની જાગૃતિ લાવનાર કવિએ દેહ છોડ્યો હતો સાલ હતી ૧૮૮૬ ને ફેબ્રુઆરી ૨૫મી.

માતા નવદુર્ગા અને ત્રણ પત્નીઓ હતી.તેમણે તે જમાનામાં વિધવા નર્મદાગૌરી સાથે લગ્ન કરી સમાજસુધારણા કરી હતી.

તેમના લખાણ કે કાવ્યો આજે પણ કવિઓ લેખકો માટે પ્રેરકરૂપ છે.આજે પણ એમનું એક શૌર્યયુક્ત કાવ્ય લોકો ગણગણે છે તે જ ગુજરાતી સાહિત્યની એક ઉત્તમ જીત છે. બે શબ્દો મારી ભાષા અને નર્મદને મારા શબ્દોમાં હું લખી શકી તે માટે વાંચકોને અને તંત્રી શ્રીનો આભાર.

ગુજરાતી દિને...
નર્મદ જન્મદિને..
સમજે તો ભાષા સૌની
કવિ નર્મદ ના જન્મ દિને
આજ માન મળે "ગુજરાતીને"...
પ્રિય મને તેના...
સ્વર ને વ્યંજન .
નમીએ સૌ ને જેણે
ઓળખીને ,ભણીને
પોતાની ગણીને...!
મીઠી સરવાણી ને
આજ ભાષાઓના...
ઝૂંડમાં પણ ગુજરાતીને,
અપનાવી...

જયશ્રી પટેલ
૨૩/૮/૨૦૨૦

---

જેના વગર ના રહેવાય
મને હતું કે તેને શ્વાસ કહેવાય
પણ, આજે ખબર પડી કે તેને
દોસ્ત કહેવાય......
જેને મણનો ભાર આપી
હળવું થઈ જવાય,
મને હતું કે તેને ઈશ્વર કહેવાય
પણ, આજે ખબર પડી કે તેને
દોસ્ત કહેવાય......
આપણા સાદનો જ્યારે
પ્રતિસાદ મળે,
મને હતું કે તેને પડઘો કહેવાય
પણ, આજે ખબર પડી કે તેને
દોસ્તી કહેવાય.......
ફક્ત એક કોલ કરીયે ને
આવી જાય......
મને હતું કે તેને ૧૦૮ કહેવાય
પણ, આજે ખબર પડી કે
તેને દોસ્ત કહેવાય......

---

ઘડપણ આવતાં
યુવાની ધીરે ધીરે ચાલી જવાની
હતી જેસ્ફુર્તિ ના સદા રહેવાની
વિતાવી જિંદગી ખુશ મસ્તાની
ફરી પાછી કદી નહીં આવવાની
લગાવ્યું અત્તર જે બદન પર
પેઇનબામ લાગશે હરદમ
કરતા સફર સ્નેહી મિત્ર સાથ
હશે ટેકો છડી કેરો તુમ પાસ
જે નજરથી નિહાળી દુનિયા
એજ આંખમાં આવશે મોતીયા
હસી લો ખિલખિલાટ દાંતથી
પછી નકલી બત્તીસી દેખાવાની
દોસ્તી મહેમાનગતિ નિભાવો
પછી દવા ડોક્ટર નો જ સહારો
સમજી શકાય તો સમજો યારો
પરત નહીં આવે સમય તમારો

"મન" કેનેડા

# અપહરણ તથા પોસ્કોના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ભોગ બનનાર સાથે શોધી કાઢતી સ્પેશ્યલ સ્કવોર્ડ સાવરકુંડલા ડીવીઝન

મ્હે. પોલીસ મહાનિદેશકશ્રી અને સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગાંધીનગર નાઓએ ૦ થી ૧૮ વયના ગુમ થયેલ બાળકો તેમજ અપહરણ થયેલ ભોગબનનારને શોધી કાઢવા જણાવેલ હોય જે અન્વયે ભાવનગર રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી અશોકકુમાર યાદવ સાહેબ દ્વારા તા.૨૧/૦૮/૨૦૨૦ થી તા. ૩૧/ ૦૮/૨૦૨૦ સુધી ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ.



શ્રી નિર્લિપ્ત રાય સાહેબ પોલીસ અધિક્ષક શ્રી અમરેલી નાઓએ ગુમ થયેલ બાળકો તેમજ અપહરણ થયેલ ભોગ બનનાર તથા નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જીલ્લા પોલીસ તંત્રને જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે શ્રી કે.જે.ચૌધરી સાહેબ નાયબ પોલીસ અધિક્ષક સા.કુંડલા વિભાગ- સાવરકુંડલા નાઓએ સ્પેશ્યલ સ્કવોર્ડ ની રચના કરેલ અને તેઓશ્રી ના માર્ગદર્શન મુજબ ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ. એચ.એચ. સેગલીયા તથા એ.એસ.આઇ. હિંગરાજસિંહ ગોહિલ તથા હેડ કોન્સ. શ્યામકુમાર બગડા તથા પો.કોન્સ. યુવરાજસિંહ ગોહિલ તથા પો.કોન્સ. રણધીરભાઇ વાળા તથા બ્રીજરાજસિંહ વાળા એ રીતેનાઓની ટીમ દ્વારા ખાંભા પો.સ્ટે. છ-પાર્ટ ગુ.રજી. નં.210/ 2020 IPC 363,366 તથા પોકસો ક.૧૮ વિ. મુજબના કામે અપહરણના ગુન્હામાં ભોગ બનનાર સાથે રહેતા આરોપીને ભોગબનનાર સાથે શોધી કાઢેલ.

ગુન્હાની વિગતઃ-આ કામે ફરીયાદીની સગીર વયની દીકરીને લગ્ન કરવાના બદ ઈરાદે લલચાવી ફોસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી આરોપીએ અપહરણ કરી ભગાડી લઇ ગયેલ.

પકડાયેલ આરોપીઃ-

યોગેશ ઉર્ફે ટકો ભગવાનજીભાઇ ઉર્ફે ભગાભાઇ થાંણકીયા (પરમાર) ઉ.વ.-૨૨ ધંધો-મજુરી રહે-મૂળગામ- મોટી પાનેલી તા.ઉપલેટા જી.રાજકોટ હાલ-રહે. શાપર (વેરાવળ) ઠે.રીલેકસ પ્લાસ્ટીક દાણા ના કારખાનામાં, રાજકોટ ગોંડલ હાઇ-વે રોડ પર તા.જી.રાજકોટ વાળાને આજરોજ તા.૨૩/૦૮/ ૨૦૨૦ ના રોજ મળી આવતાં ઘટતી કાર્યવાહી કરવા ખાંભા પો.સ્ટે. ને સોંપવા તજવીજ કરેલ.

આમ, શ્રી નિર્લિપ્ત રાય સાહેબ પોલીસ અધિક્ષક શ્રી અમરેલીનાઓની સુચનાથી શ્રી કે.જે.ચૌધરી સાહેબ નાયબ પોલીસ અધિક્ષક સા.કુંડલા વિભાગ- સાવરકુંડલા નાઓના માર્ગદર્શન મુજબ સ્પેશ્યલ સ્કવોર્ડ સાવરકુંડલા ડીવીઝન ઇન્ચાર્જ પો. સબ. ઇન્સ. એચ.એચ.સેગલીયા નાઓ દ્વારા ગુમ અપહરણ થયેલ બાળકો શોધવાની સ્પેશયલ ડ્રાઇવ દરમ્યાન ભોગ બનનાર બાળકી તથા ભોગ બનનારનુ અપહરણ કરનાર આરોપી ને શોધી કાઢેલ.

રિપોર્ટર.... ભરતભાઈ ખુમાણ અમરેલી.

# રાજેન્દ્રનગર ગામ માં ત્રણ દિવસ વૃક્ષારોપણ નું આયોજન કરવામાં આવ્યું



હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર ગામ ખાતે ૪૦૦ કોનોકર્પાસ, ૫૦ પામ જેવા વૃક્ષો વાવવામાં આવ્યા, તથા સોમનાથ મહાદેવ મંદિર ખાતે અલગ અલગ પ્રકાર ના છોડ વાવવામાં આવ્યા.

આ કાર્ય હિંદુ યુવા સંગઠન ઉ.ગુજરાત અધ્યક્ષ ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત,પુનિત ભાઈ ચૌધરી, રાજેશ ભાઈ ચૌધરી , પ્રકાશ ભાઈ ચૌધરી, સંજય ભાઈ ૭, નિકુલ ભાઈ, જીતુભાઈ, નારણ ગિરિ, બિપીન ભાઈ, અલ્પેશભાઈ, વિશાલ, રિતેશ, રોનક, સાવન , કવન, પ્રિન્સ, ખુશ અને ગામ ના અન્ય ભાઈઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાતને ફાળવાયેલા ૭ તાલીમી IPS અધિકારીઓ મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મૂલાકાતે



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની સૌજન્ય મૂલાકાત ગુજરાતને ફાળવાયેલા ૨૦૧૯ બેચના સાત પ્રોબેશનરી-તાલીમી IPS અફસરોએ ગાંધીનગરમાં લીધી હતી. ૨૦૧૯ બેચના આ સાત તાલીમી IPS અધિકારીઓ હાલ કરાઇ પોલીસ અકાદમીમાં તાલીમ લઇ રહ્યા છે.

તા.૧ સપ્ટેમ્બરથી તેઓ તેમને ફાળવાયેલા જિલ્લાઓ ભરૂચ, જૂનાગઢ, મોરબી, ખેડા, વડોદરા ગ્રામ્ય, અમદાવાદ ગ્રામ્ય અને ભાવનગરમાં અજમાયશી અધિકારી તરીકે સેવાઓ આપવા નિયુક્ત થવાના છે.

મુખ્યમંત્રીશ્રીએ આ તાલીમી યુવા IPS અધિકારીઓ સાથે સંવાદ કરતાં કહ્યું કે, કાયદો વ્યવસ્થાના રખેવાળ તરીકે તેમને જનસેવાનો જે અવસર મળ્યો છે તેમાં સમાજના અંતિમ છૌરના વ્યકિતને પણ પોલીસ તેની સાથે-તેની પડખે છે તેવી અનુભૂતિ થાય તેવું દાયિત્વ સેવાકાળ દરમ્યાન તેઓ નિભાવે. આ તાલીમી IPS અધિકારીઓમાં બહુધા ઈજનેરી ડીગ્રી ધારકો છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતે ટેકનોલોજીનો પોલીસ ફોર્સમાં મહત્તમ ઉપયોગ કરીને ''મોર્ડન પોલીસ ફોર્સ''ની નામના મેળવી છે તેમાં આ યુવાઓ પણ પોતાના જ્ઞાન કૌશલ્યથી વધુ નિખાર આપવા યોગદાન આપી શકે.

મુખ્યમંત્રીશ્રીએ આ યુવા IPS તાલીમી અધિકારીઓને સમાજ સુરક્ષાની જિમ્મેદારી સંપૂર્ણ ઈમાનદારી અને નિષ્ઠાથી અદા કરવાની શુભેચ્છાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન પણ આ વેળાએ જોડાયા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

''આમ આદમી પાર્ટી, માણસા''ના ઉપક્રમે

# ''માણસા નગરમાં રખડતાં ઢોરની સમસ્યા કાયમી દૂર કરવા બાબત'' આવેદનપત્ર પાઠવી અપાયું



માણસા નગરમાં છેલ્લાં ઘણાં જ મહિનાઓથી રખડતાં ઢોરની સમસ્યા બેફામ-બેરોકટોક વકરી રહી છે. માણસા નગરપાલિકા અને પોલીસ તંત્ર તેને નિયંત્રણમાં રાખવામાં સદંતર નિષ્ફળ રહ્યાં છે. નગર સેવકો અને ગાયોનાં માલિકોની સાંઠગાંઠ-મિલીભગત ને કારણે આવાં સરેઆમ રખડતાં ઢોરને પકડવામાં ઢીલી નીતિ અપનાવાઈ રહી છે. માણસા નગરની તમામ શેરી-મહોલ્લા-સોસાયટી-રોડ-રસ્તા-ગલીઓ પર કહેવાતી ગૌમાતાઓનાં ટોળેટોળાં નજરે પડે છે.

રખડતાં આ ઢોરોને કારણે ટ્રાફિકની અનેકાનેક સમસ્યાઓ સર્જાઈ રહી છે; અનેક અકસ્માતો થઈ રહ્યાં છે અને નિર્દોષ નાગરિકો તેના ભોગ બની રહ્યાં છે. પકડાયેલ રખડતાં ઢોર રાજકીય દબાણ આવતાં જ જે-તે માલિકોને સોંપી દેવામાં આવે છે; ધાર્મિક લાગણી દુભાવાના બહાને તેઓની સામે કોઈ જ કાયદાકીય પગલાં લેવામાં આવતાં નથી. અત્રે એ ઉલ્લેખનીય છે કે મહિસાગર નગરપાલિકાના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ આ બાબતે દિશા નિર્દેશ કરતાં જણાવ્યું છે કે રખડતાં ઢોરની સમસ્યા હલ કરવાની તમામ જવાબદારી અને સત્તાઓ માત્રને માત્ર નગરપાલિકાની જ બની રહે છે. જાગૃત્ત નાગરિકોની અનેકાનેક રજૂઆતો-ફરિયાદો છતાં કોઈ પરિણામ મળવા પામ્યું નથી.

આશ્ચર્યજનક બાબત તો એ છે કે માણસા ખાતેના રાજકીય કાર્યક્રમો અને તાલુકા-જિલ્લા કક્ષાના સરકારી કાર્યક્રમો-ઉત્સવો દરમિયાન આ તમામ રખડતી ગાયો આકસ્મિક રીતે અદ્રશ્ય થઈ જવા પામે છે; એ સમયે આ સમસ્યા આપમેળે હલ થઈ જાય છે......!!!

ઉપરોક્ત બાબતે યોગ્ય-ન્યાયિક-તટસ્થ-નિષ્પક્ષ તપાસ હાથ ધરી માણસા નગરના નિર્દોષ નાગરિકોને આ સમસ્યામાંથી બહાર લાવી શાંતિ સ્થાપવામાં સહભાગી-સહકારી-સહયોગી બનવા આમ આદમી પાર્ટી તરફથી મામલતદારશ્રીને નમ્ર નિવેદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આમ આદમી પાર્ટીના માણસા તાલુકા પ્રમુખશ્રી રાકેશ પ્રજાપતિ ''રાહી'', શહેર પ્રમુખશ્રી રમણભાઈ પરમાર, તાલુકા ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ, શહેર યુવા પ્રમુખશ્રી જીગરભાઈ ચૌધરી, તાલુકા યુવા પ્રમુખશ્રી મહિપાલસિંહ વાઘેલા, તાલુકા યુવા ઉપપ્રમુખશ્રી ઋત્વિક પટેલ, CYSS તાલુકા પ્રમુખશ્રી પવન પટેલ, વડીલ કાર્યકરશ્રી પી. એમ. પટેલ, ધવલસિંહ પરમાર સહિત અનેક કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સમસ્યા મુદ્દે નિયત સમયમર્યાદામાં યોગ્ય ઉકેલ નહી આવે, તો આગામી સમયમાં આમ આદમી પાર્ટી તરફથી ઉગ્ર-જલદ કાર્યક્રમો આપવામાં આવશે એમ એક અખબારી યાદીમાં રાકેશ પ્રજાપતિ જણાવે છે.

# પાલનપુર થી મહેસાણા નેશનલ હાઈવે ભુવાઓથી ગરકાવથી વાહનચાલકો હેરાન પરેશાન



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુરથી મહેસાણા નેશનલ હાઈવે પર સિક્સ લેંથ નું કામ ચાલતું હોય જેમાં છેલ્લા ઘણા મહિનાઓથી જાણે હાઈવે પર કોઈ વાહનો નો ઘસારો ના હોય એમ પોતાની મનમાની હોય એવું આરામ થી કામ કરતા નજરે પડી રહ્યા છે જોકે મહત્વની વાત એ છે કે રોડનું કામ ચાલતું હોય ડાયવર્ઝન આપવામાં આવતા હોય છે ત્યારે નજીક નજીક ડાયવર્ઝન આપેલ હોય છે ત્યારે અકસ્માત થવાનો પણ સંભાવના સેવાઈ રહી છે અમુક સમય અંતરે પાણી ન નિકાલ માટે નાળા નાંખવામાં આવતા હોય છે પરંતુ રોડ ઉપરના માટીના ઢક અને કાંકરા ત્યાંના ત્યાં જ પડેલા જોવા મળતા હોય અને આ કાકા ને લીધે ઘણા વાહનચાલકો બાઈક સવારો થવાના એંધાણ દેખાઈ રહ્યા છે તો તાત્કાલિક નાનું થઈ જાય ત્યારે ત્યાંથી રસ્તો ક્લીન કરી દેવામાં આવે તેવી વાહનચાલકોની માંગ ઉઠી છે બીજું બાજુ પાલનપુર થી છાપી હાઈવે સુધી હાઈવે રોડ એટલા મોટા પાયે ભૂવાઓ નજરે પડે છે તેમ છતાં હાઈવે ઓથોરીટીનું પેટનું પાણી હલતું નહિ બીજું બાજુ હાઈવે પર અકસ્માત માં કૂતરા ગાય જેવા વનયજીવો મૃત્યુ પામતા હોય ત્યારે તેમને ખસેડવામાં ના આવતા દુર્ગંદ અને રોગચાળો ફેલાવવની ભીતિ સર્જાઈ છે સાથે સાથે અકસ્માત થયેલા જાનવરોના મૃતદેહો તાત્કાલિક ન ખસેડાતા કોઈ મોટો અકસ્માત થવાની પણ ભીતિ સર્જાઇ છે ભીતિ સેવાઈ રહી છે વાહનચાલકો ભારે પરેશાની થી પાલનપુર થી સિધ્ધપુર પોતાની ગાડીઓ જીવના જોખમે લઈ જાય છે જોકે જોકે નેશનલ હાઈવે explain બનતું હોય ક્યારે રોડની સાઈડ ઓ ખાદી નાખતા નાખતા કોઈપણ જાતના ડાયવર્ઝન કે slogan on અલગ હતા ગાડી રોડ પરથી નીચે ઉતરી જવાના પણ કિસ્સા સામે આવેલ છે શું નેશનલ હાઈવે ઓથોરિટી કોઈ મોટા અકસ્માત ની રાહ જોઈ રહી છે કે કેમ રાત્રિના સમયે વરસાદે પડેલા ગાબડા નું તાત્કાલિક સમારકામ કરવામાં પણ તંત્ર નિષ્ફળ રહ્યું છે જેથી લોકોની ગાડી ના સ્પેરપાર્ટ તૂટી જવાના પણ કિસ્સા સામે આવ્યા છે.

# રોટરી ક્લબ પાટણ દ્વારા કોવિડ -૧૯ માં GUJCET પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક માસ્ક વિતરણ



COVID -19 ની મહામારીમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ની આયોજિત ગુજકેટ પરીક્ષા ના પી.પી. જી. એક્સપરિમેન્ટલ હાઈસ્કુલ પરીક્ષા કેન્દ્ર પરના ૨૪૦ જેટલા વિદ્યાર્થીઓ અને પરીક્ષા માં રોકાયેલ તમામ સ્ટાફ માટે રોટરી ક્લબ પાટણ દ્વારા નિઃશુલ્ક માસ્ક વિતરણ, પાણીની બોટલ, સેનેટાઈઝર ની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી આ ઉપરાંત પરીક્ષા માં રોકાયેલ તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓના શરીરના તાપમાન માપવામાં આવ્યા હતા પરીક્ષા માં રોકાયેલા સ્ટાફ માટે હેન્ડ ગ્લવ્ઝની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. COVID -19ની સાવધાનીના ભાગરૂપે રોટરી ક્લબ ઓફ પાટણની સુંદર પહેલની સરાહના શાળાના આચાર્યશ્રી, સમગ્ર સ્ટાફ અને વાલીઓ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે રોટરી ક્લબ - પાટણના પ્રમુખશ્રી રો. રણછોડભાઈ પટેલ, શાળાના આચાર્યશ્રી તથા આ પ્રોજેક્ટના ચેરમેન ધનરાજભાઈ ઠક્કર,શાળાના સુપ.રમેશભાઈ પટેલ, પ્રોજેક્ટ કૉ. ચેરમેન રાજેન્દ્ર પટેલ તથા મંત્રી ઝુઝારસિંહ સિંહ સોઢા ઉપરાંત આરોગ્ય વિભાગમાંથી જયેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા આ સુંદર પ્રોજેક્ટની સમગ્ર શાળા પરિવારે સરાહના કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી. આભાર સહ......

# સિધ્ધપુર સરસ્વતી નદીના ઋષિપંચમી મહિલાઓએ શ્રધ્ધાની ડૂબકી લગાવી



સિધ્ધપુર એક ઐતિહાસિક નગરી છે , જ્યાં કુંવારીકા માતા સરસ્વતી નદીમાં આજરોજ ઋષિપંચમીના રોજ હજારો મહિલાઓએ શ્રધ્ધાની ડૂબકી લગાવી સપ્તઋષિની પૂજા કરી ઉપવાસ કરી ધન્યતા અનુભવી હતી. સિધ્ધપુરમાં હિન્દુ સંસ્કૃતિ વ્રતો , તહેવારો , પર્વો પૈકી ઋષિપંચમી પર્વની ઉજવણી ભક્તિમયપૂર્વક કરવામાં આવી હતી. સરસ્વતી નદીમાં હજારો શહેરી તથા ગ્રામિણ બહેનોએ સ્નાન કરી સપ્તઋષિની પૂજા કરી ઉપવાસ કર્યો હતો. આ વ્રત કરીને બહેનો , સ્ત્રીઓએ માસિક ધર્મના દોષમાંથી મુક્ત બની હતી. ઋષિપંચમી ના પર્વે શિવાલયો મંદિરોમાં જઈ ઋષિ પૂજન તેમજ બહેનોએ શહેરી , ગ્રામીણ તમામ વિસ્તારોમાં સામા પાંચમ બહેનોએ ઉજવી હતી. જેવી ધાર્મિક સ્થળોએ ભીડ જોવા મળી હતી. અત્રી , ભારદ્વાજ , વિશ્વામિત્ર , ગૌતમ , જમદગની અને અરૂધતી સહિત વિશિષ્ઠ મૂર્તિઓની પૂજા કરવામાં આવી.

આ દિવસે બહેનો સામો ખાઈને ઉપવાસ કરે છે. આ વ્રત બહેનો રજસ્વલા ધર્મ વખતે જાણે , અજાણે ભૂલચુક થઈ હોય તો સપ્તઋષિની પૂજા , અર્ચના કરીને હતી. બહેનો દ્વારા સરસ્વતી નદીમાં સામુહિક સ્નાન કરી ત્યારબાદ શુદ્ધ ધી નો દીવો , ફળ , ફૂલ , અબીલ , ગુલાબની સપ્તઋષિની પૂજા , અર્ચના કરી તેમની પાસે થી ક્ષમાં , અર્ચના કરી હતી. આ વર્ષે કોરોના મહામારીને કારણે ઋષિપંચમી ના દિવસે મહિલાઓ દ્વારા સાવચેતી પૂર્વક અને સોશિયલ ડિસ્ટન્સ સાથે પૂજા અર્ચના કરવામાં આવી.

જય આચાર્ય

# સિધ્ધપુર માં ગણેશ ઉત્સવ મંડળ દ્વારા ગણેશ ચતુર્થી નો ઉત્સવ સાદાઈ પૂર્વક ઉજવણી કરાઈ



સિધ્ધપુર શહેરમાં ૮૫ વર્ષ પહેલા ગણેશોત્સવ શરૂ થયો હતો. જે પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ થયા બાદ ગણેશ ચતુર્થી નો ઉત્સવ આવે છે , અને ગણેશ ભક્તો દ્વારા ગણેશજી ની મૂર્તિની સ્થાપના કરી ધામધૂમથી ઉજવણી કરતા હોય છે પરંતુ આ વર્ષે વૈશ્વિક કોરોના મહામારીને કારણે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર ના નિયમ મુજબ ધાર્મિક પ્રસંગો અને જાહેર સ્થળો એ ઉજવાતા તમામ ઉત્સવો મોકૂફ રખાય છે.

સિધ્ધપુર શહેરમાં આવેલી અંબાવાડીમાં છેલ્લા ૮૫ વર્ષ થી ગણેશ ઉત્સવ મંડળ દ્વારા ગણેશ ચતુર્થી ના પાવન પર્વ ની ધૂમધામ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીને કારણે ગણેશ ઉત્સવ મંડળ દ્વારા ગણેશ ચતુર્થી ના પાવન પર્વની ખૂબ જ સાદાઈ પૂર્વક ઉજવણી કરવામાં આવી અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ના નિયમોનું ચુસ્ત પાલન કરી , અને સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે સાદાઈ પૂર્વક ઉજવણી કરવામાં આવી અને ટ્રષ્ટી મંડળ દ્વારા સમગ્ર વિશ્વ કોરોના મહામારી માંથી મુક્ત થાય તેવી વિઘ્નહર્તા ગણપતિ બાપા ને પ્રાર્થના કરવામાં આવી. સિધ્ધપુર શહેરના યુવા પત્રકાર જય આચાર્ય ના ઘરે માટી ના ગણેશજી સ્થાપના ધામધૂમથી કરવામાં આવી હતી , અને સોશિયલ ડિસ્ટન્સ નું ચુસ્ત પણે પાલન કરવામાં આવ્યું.

# કોરોના સારવારમાં ખામીઓ દૂર કરવા 5 IAS અધિકારીઓની કમિટી રચવા આદેશ

અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં કોરોનાનો સામનો કરવા ગુજરાત હાઈકોર્ટે આજે ગુજરાત સરકારને વધુ એક મહત્વપૂર્ણ આદેશ કર્યો છે. હાઈકોર્ટમાં કોરોના અંગે સૂઓમોટો મામલે એક સુનાવણી ચાલી રહી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને એક મોટો આદેશ કરીને રાજ્યની તમામ સરકારી અને સિવિલ હોસ્પિટલોની મુલાકાત લેવા માટે પાંચ વરિષ્ઠ આઈએએસ અધિકારીઓની કમિટી રચવા આદેશ કર્યો છે. હાઈકોર્ટે સરકારને જણાવ્યું કે કોરોના સારવારની ખામીઓમાં સુધારો કરો.

તેના માટે કંઈ પણ કરવું પડે તે કરો. ૫ અધિકારીઓની કમિટી રચીને રાજ્યની ખાનગી અને સરકારી હોસ્પિટલોની મુલાકાત કરવા જણાવ્યું છે. ૪ સપ્ટે. સુધીમાં કમિટી રચવા એચસીએ રાજ્ય સરકારને આદેશ કર્યો છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં કોરોનાની સારવારની ખામીઓ સુધારણા માટેની અધિકારીઓને જવાબદારી સોંપવાની વાત ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને કરી છે.

હાઈકોર્ટે સરકારને જણાવ્યું કે, રાજ્યની સિવિલ અને સરકારી હોસ્પિટલોમાં અધિકારીઓની કમિટી મુલાકાત લે, અને કોરોના સારવારી ખામીઓને શોધીને દૂર કરે. તમને જણાવીએ કે કોરોનાની સારવાર અંગે સરકારી હોસ્પિટલમાં યોગ્ય સુવિધાઓ મળી રહે તે માટેની અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં રજૂઆત કરી છે.



**આજરોજ કમલમ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી મહેસુલ વિભાગના શ્રી કૌશિકભાઈ પટેલ હાજર રહ્યા હતા અને નવા વરાયેલા પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ ના આદેશ અનુસાર હવે અઠવાડિયામાં બે દિવસ સોમવાર અને મંગળવાર કાર્યકર્તાઓના પ્રશ્નો સાંભળવા માટે મંત્રીઓ કમલમમાં હાજર રહેશે. પ્રજા પોતાના પ્રશ્નો માટે ખૂબ હાલાકી ભોગવી રહી છે અમે સચિવાલયમાં તેમના કામો માટે સહેલાઈથી જઈ નથી શકતા અધિકારીઓ મળતા નથી મંત્રીઓ પણ મળતા નથી અને શાસક પક્ષે પોતાના કાર્યો સાચવવા માટે નવા મંત્રીઓને કમલમમાં મોકલવાનું શરૂ કર્યું એટલે કે હવે અડધી સરકાર કલમમાંથી ચાલશે તેવું કહી શકાય.**

'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના મંત્રીશ્રી દ્વારા સાંભળવા અંગેનો નિર્ણય કરવા બદલ

# મુખ્યમંત્રીશ્રી,નાયબ મુખ્યમંત્રી સહિત સમગ્ર કેબિનેટનો આભાર વ્યક્ત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ

## આ વ્યવસ્થા અંતર્ગત આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ખાતે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે ભાજપા કાર્યકર્તાઓની રજૂઆત સાંભળી

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ગુજરાતભરના ભાજપા કાર્યકર્તાઓની જનહિતની રજૂઆતો દર સોમવારે અને મંગળવારે પ્રદેશ ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના મંત્રીશ્રી દ્વારા સાંભળવા અંગેના વિચારની ચર્ચા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ભાજપા સંગઠનના અગ્રણીઓ સાથે કરી હતી, જે અંગે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સહમતિ દર્શાવી કાર્યકર્તાઓના હિતમાં નિર્ણય કર્યો છે તે બદલ હું મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સહિત સમગ્ર કેબિનેટનો આભાર વ્યક્ત કરું છું. શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, હવે દર સોમવારે અને મંગળવારે પ્રદેશ ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે રાજ્ય સરકારના એક મંત્રીશ્રી ગુજરાતભરના ભાજપા કાર્યકર્તાઓની રજૂઆતો સાંભળીને તેના નિરાકરણ અંગે જે તે વિભાગ-મંત્રલાયને કાર્યવાહી કરવા માટે મોકલી આપશે અને કાર્યકર્તાને તેની રજુઆતનો લેખિતમાં જવાબ આપવામાં આવશે.આ પ્રકારની વ્યવસ્થાથી ચોક્કસપણે કાર્યકર્તાઓની વ્યથાનું નિરાકરણ ઝડપથી આવી શકશે. આ વ્યવસ્થા અંતર્ગત આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે ભાજપા કાર્યકર્તાઓની રજૂઆત સાંભળી હતી.આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ૨૪ કલાકમાં ૩૫ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ

જામનગર,તા.૨૪

જામનગર તેમજ આસપાસના વિસ્તારમાં સતત બે-ત્રણ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદ પડતા જિલ્લાના ૨૪ જળાશયોમાંથી ૧૬ ડેમ ઓવરફ્લો થઈ ચુક્યા છે, જેથી નીચાણવાળા વિસ્તારમાં વસવાટ કરતા લોકોને સાવચેત કરાયા છે. તો જામનગરના દરેડ પાસે આવેલ ખોડિયાર માતાજીનું મંદિર પણ પાણીમાં ગરક થઈ ગયું છે. હાલારમાં ભારે વરસાદની આગાહી વચ્ચે સતત બીજા દિવસે મેઘરાજાએ મુકામ કરતા આખા જામનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં જામનગરમાં ૫ ઈંચ, કાલાવડમાં ૩ ઈંચ, ધ્રોલમાં ૬ ઈંચ, લાલપુરમાં ૩ ઈંચ, જામજોધપુરમાં દોઢ ઈંચ,

તો સૌથી વધારે જોડીયામાં ૧૬ ઈંચ વરસાદ વરસ્યો છે. બીજી બાજુ વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં પાકને નુકસાન થવાથી હવે તો મેઘરાજા ખમૈયા કરે તેમ ખેડૂતો ઈચ્છી રહ્યા છે. જામનગરમાં વરસાદના કારણે શહેરના લીમડાલાઈન, બેડી ગેટ, પંચેશ્વર ટાવર, વાલ્કેશ્વરી નગરી જેવા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તો શહેરની મધ્યમાં આવેલ તળાવની આસપાસના કોમ્પ્લેક્ષમાં પાણી ભરાયા હતા. જામગનર અને જિલ્લામાં શનિવાર અને રવિવારના હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે વરસાદ ખાબકયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.